સંદેશ, પાના નં. ૧૮, તા. ૦૭-૧૨-૨૦૨૪

# આવતીકાલથી મેટ્રો ટ્રેન થલતેજ ગામ સુધી દોડશે

। અમદાવાદ ।

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRCL) દ્વારા વધુ એક સ્ટેશનથી મેટ્રો ટ્રેનની સેવા શરૂ કરવામાં આવી છે. હાલ વસ્ત્રાલ ગામથી થલતેજ સુધી મેટ્રો સેવા ચાલી રહી છે, જેને ૮ ડિસેમ્બર, ૨૦૨૪થી થલતેજ ગામ સુધી લંબાવવામાં આવી છે. આમ હવે થલતેજ ગામથી વસ્ત્રાલ અને શહેરના અન્ય વિસ્તારો સુધી મેટ્રોની સેવા મળી રહેશે. થલતેજ ગામથી સવારે ૬.૨૦થી રાતના ૧૧.૦૫ વાગ્યા સુધી દર નવ મિનિટે મેટ્રો સેવાનો લાભ લઈ શકાશે. મહત્ત્વનું છે કે, થલતેજ ગામથી એપીએમસી અને મોટેરા સ્ટેડિયમ તરફ જવું હશે તો પણ મુસાફરો મેટ્રો ટ્રેનનો લાભ લઈ શકશે. આ માટે મુસાફરોએ જૂની હાઈકોર્ટ સ્ટેશનેથી ઈન્ટરચેન્જ કરવી પડશે. જૂની હાઈકોર્ટથી મેટ્રો ઈન્ટરચેન્જ કર્યા બાદ ગાંધીગ્રામ, પાલડી, શ્રેયસ, રાજીવનગર, જીવરાજ પાર્ક અને એપીએમસી જઈ શકાશે. એવી જ રીતે જૂની હાઈકોર્ટથી ટ્રેન બદલ્યા બાદ ઉસ્માનપુરા, વિજયનગર, વાડજ, રાણીપ, સાબરમતી રેલવે સ્ટેશન (હાલ કામ ચાલું છે), એઈસી, સાબરમતી અને મોટેરા સ્ટેડિયમ જઈ શકાશે.